અપીલ અરજી નં.૩૫૪ તા.૨૪–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ. કે.જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ. કે.જાંગીડની તા. ૨૧–૯–૧૧ની અરજીથી તા.૨૯–૮–૧૧ના રોજના પત્રથી સાઉથઝોન(ઉધના)ના કાર્યક્ષેત્રમાં આવેલ પાંડેસરા જી.આઈ.ડી.સી.ખાતેના પ્લોટ નં.૩૨૫ પર તૈયાર થતાં ગેરકાયદે બાંધકામ અંગેની જાણ આપના વિભાગને કરવામાં આવી હતી તો આ પત્ર મળ્યા બાદ અત્યાર સુધીમાં આપના વિભાગ તરફથી કે લાગુ વિભાગ તરફથી કઈ કઈ કાર્યવાહી કરવામાં આવી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૪/૨૦૧૧–૧૨

શ્રી રમેશ. કે. જાંગીડની તા. ૨૧–૯–૧૧ની અરજીથી તા.૨૯–૮–૧૧ના રોજના પત્રથી સાઉથઝોન (ઉધના)ના કાર્યક્ષેત્રમાં આવેલ પાંડેસરા જી.આઈ.ડી.સી.ખાતેના પ્લોટ નં.૩૨૫ પર તૈયાર થતાં ગેરકાયદે બાંધકામ અંગેની જાણ આપના વિભાગને કરવામાં આવી હતી તો આ પત્ર મળ્યા બાદ અત્યાર સુધીમાં આપના વિભાગ તરફથી કે લાગુ વિભાગ તરફથી કઈ કઈ કાર્યવાહી કરવામાં આવી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જાણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તા. ૨૯–૮–૧૧ની અરજી અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની દફતરી વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૬ તા.૮–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૫૨૫ તા.૨૩–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારનો તા.૨૯–૮–૧૧ ની અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્રમાં સા.ઝોન/ટેક./૪૬૭ તા.૨૦–૧૦–૧૧ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૬૭ તા.૨૦–૧૦–૧૧ થી " તમારી અરજીમાં જણાવેલ તા.૨૯–૮–૧૧ નાપત્ર બાદ પાંડેસરા જીઆઈડીસી પ્લોટ નં.૩૨૫ વાળી મિલ્કતમાં હાલ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળવાથી તા.૨૪–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ અરજદારને નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. આથી અરજદારે નિયત સમય અવધિમાં કોઈ માહિતી નહીં મળેલ બાબતે અપીલમાં કરેલ દાવાને સમર્થન મળતું નથી. વધુમાં અરજદારની તા.૨૯–૮–૧૧ ના પત્ર બાદ કોઈ કાર્યવાહી નહીં કર્યાની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી તેમની અરજી સંદર્ભે તેઓને પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. તેમ છતાં અરજદારની તેમની અરજીમાં કરેલ ફરીયાદમાં હકીકત બાબતેની રજૂઆત સક્ષમ સત્તાને કરવાની રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની તેમની તા.૨૯–૮–૧૧ ની અરજીમાં કરેલ રજૂઆત બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી રમેશ કે. જાંગીડ